**પ્રયોગશીલ નાટ્યપ્રવૃત્તિ** ઘણાં વર્ષોથી લગભગ સુષુપ્ત અવસ્થામાં સરી પડેલી શહેરની પ્રયોગશીલ નાટ્યપ્રવૃત્તિમાં છેલ્લાં થોડા મહિનાઓમાં ફરીથી પ્રાણ ફૂંકાયો છે. રિજુવિનેટ થયેલી થિયેટર પ્રવૃત્તિ આપી રહી છે સુંદર વીકેન્ડ્સ!

# શહેરમાં એક ઓર થિયેટર ફેસ્ટિવલ

- **સાહિત્ય પરિષદ, એલિયોન્સ ફ્રેન્સેઝ પછી રંગમંડળનો ફાળો**
- મંચન, નાટ્યવાંચન અને વર્લ્ડ-સિનેમાના પરિચય જેવી પ્રવૃત્તિઓ

• **સિટી રિપોર્ટર**. અમદાવાદ

ઘણાં લાંબા સમયથી મંદ પડેલી શહેરની પ્રયોગશીલ નાટ્યપ્રવૃત્તિઓમાં નવો ધમધમાટ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ સાહિત્ય પરિષદમાં બુધન થિયેટરના ફેસ્ટિવલ બાદ શુક્રવારથી રંગમંડળ ખાતે 'NEO - રંગ' ફેસ્ટિવલનો પ્રારંભ થયો છે. શહેરના યંગસ્ટર્સ દ્વારા નવી થીમ અને ટ્રીટમેન્ટ સાથે નવા નાટકો થઈ રહ્યા છે ઉપરાંત નાટ્યમંડળો રિજુવિનેટ થઈ રહ્યા છે અને શહેરમાં યૂથ થિયેટર એક્ટિવિટીઝનો એક નવો જ માહોલ ઊભો થઈ રહ્યો છે.

આ નવા માહોલમાં પ્રિતમનગર અખાડા ખાતે નવા રંગરૂપમાં શરૂ થયેલા 'રંગમંડળ'માં શુક્રવારથી નાટ્ય મહોત્સવ 'NEO - રંગ'નો શુક્રવારથી પ્રારંભ થયો છે. સાથે જ રંગમંડળના રિનોવેટ થેટેલા અત્યાધુનિક હોલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ત્રણ દિવસીય નાટ્ય મહોત્સવમાં શુક્રવારે 'સૈયા ભયે કોટવાલ' ભજવાયું હતું. શનિવારે ધ્રુવ ભટ્ટની નવલકથા 'અકૂપાર' ના અંશોનું અદિતી દેસાઈના નિર્દેશનમાં નાટ્યવાંચન કરવામાં આવશે. રવિવારે ચિંતન પંડ્યા લિખિત-નિર્દેશિત નાટક 'દાખલા તરીકે'નું મંચન કરવામાં આવશે.

રંગમંડળ દ્વારા નિયમિત નાટ્યપ્રવૃત્તિ માટે દર મંગળવારે યુવાનોની બેઠક મળશે તથા વર્લ્ડ સિનેમાના પરિચય માટે 'ફિલ્મ મંડળ' અને યુવાનોને વિચારલક્ષી ચર્ચા માટેનું એક પ્લેટફોર્મ પુરું પાડવા રચાયેલા 'અપના અડ્ડા'નો પણ સમાવેશ થાય છે.



**કબીર ઠાકોર** | લેખક નિર્દેશક

## કોલોબરેશન જરૂરી

સિટી પ્લસ, સાહિત્ય પરિષદ, બુધન થિયેટર્સ, ઓલિયોન્સ ફ્રેસેઝ વગેરે દ્વારા થિએટર એક્ટિવિટી થઇ રહી છે. વિવિધ જૂથો વચ્ચે જોડાણ થાય તો નાટકો વધારે પ્રેક્ષકો સુધી પહોંચી શકે. હું શહેરમાં કોઇપણનું નાટક હોય તો યાદ રાખીને 100-200 એસએમએસ કરતો હોઉં છું. કોલોબરેશનથી નાટકોના શોની સાથે પ્રેક્ષકોનો રસ પણ વધશે.

**નિમેષ દેસાઈ** | લેખક નિર્દેશક

## નાટ્ય પરિષદની જરૂર

અત્યારે જે થિયેટર્સમાં યુવાનો જોડાઇ રહ્યા છે તેનો આનંદ છે. ગમા-અણગમા ઓગળે અને બધા લોકો એટલિસ્ટ ઓડિયન્સમાં પણ ભેગા થતાં થાય તો માહોલ હજી પણ વધારે સરસ જામી શકે. જે રીતે સાહિત્ય પરિષદ છે એવી જ રીતે બધા લોકોએ એક મંચ પર ભેગા થઇ શહેરની નાટ્ય પરિષદ બનાવવી જોઇએ. આ પરિષદ વિવિધ પ્રવૃત્તિઓને પ્રમોટ કરે.



શુક્રવારે રંગમંડળ ખાતે શરૂ થયેલા થિયેટર ફેસ્ટની પ્રથમ સાંજે 'સૈયા ભયે કોતવાલ'નું મંચન થયું હતું. 28-29 જુલાઈ વધુ બે નાટકો રજૂ થશે.

■ **કરણસિંહ પરમાર**